-----------------------------------

**માંગરોળના મે. એડીશ્નલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**
**મુ.માંગરોળ, જી.સુરત**

-----------------------------------

**ક્રિમીનલ કેસ નં. ૩૫૨૩/૨૦૨૫**
**આંક :**

**ફરીયાદી:–** **શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી:–** **ઈઝહાર યુનુસ બાવા.**
રહે. સિલુડી, સ્કુલ ફળિયું, તા. વાલીયા, જી. ભરૂચ.

**ગુનો :– મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ – ૧૯૫૪ તથા પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ–૨૦૧૧ ની કલમ–૫, ૬(ક), ૮ તથા પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ–૧૯૬૦ ની કલમ– ૧૧(ડી) (ઈ) (એચ) મુજબ.**

**બાબત :– ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૨ હેઠળ સેસન્સ કમીટ**

(૧) આ કામે કોસંબા પોલીસ સ્ટેશન પાર્ટ–બી ગુના રજી. નં. ૧૧ ૨૧૪૦૨૧૨૨૦૭૮૬/૨૦૨૨ થી હાલના કામના ઉપરોકત આરોપી વિરુધ્ધ ગુનો રજીસ્ટર્ડ થતાં તપાસ કરનાર અમલદારશ્રીએ તપાસના અંતે મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ – ૧૯૫૪ તથા પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ–૨૦૧૧ ની કલમ–૫, ૬(ક), ૮ તથા પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ–૧૯૬૦ ની કલમ– ૧૧(ડી) (ઈ) (એચ) મુજબના ગુના અંગેનુ ચાર્જશીટ રજુ કરતાં આ અદાલતમાં ચાર્જશીટ ફોજદારી રજીસ્ટરે નિયતક્રમે નોંધવામાં આવેલ છે.

(૨) આ કામે આરોપી આ અદાલત સમક્ષ હાજર થવા સારુ સમન્સની બજવણી થતા તેઓ અત્રેની કોર્ટમાં હાજર થતાં


Additional Civil Judge &
Judicial Magistrate First Class, Mangrol

તેમને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૩૧ અન્વયે તમામ પોલીસ પેપર્સની નકલ મળ્યા બદલની ખાત્રી કર્યા બાદ આરોપીનું નિવેદન લેતાં તેઓ નામદાર સેશન્સ કોર્ટમાં ખાનગી વકીલ રોકી બચાવ કરવા માગે છે તેમ જણાવતા હોય, તે સંબંધે આરોપીનું લેખીત નિવેદન નોંધી આ અદાલતની રૂબરૂ તેમની સહી લેવામાં આવેલ છે.

(૩) આ કામના આરોપી વિરૂધ્ધ મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ - ૧૯૫૪ તથા પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ-૨૦૧૧ ની કલમ-૫, ૬(ક), ૮ તથા પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ ની કલમ- ૧૧(ડી) (ઈ) (એચ) મુજબના ગુનાનો આક્ષેપ છે અને તેથી ગુનાની કાયદાકીય જોગવાઈઓ અનુસાર આ ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા નામદાર સેશન્સ અદાલતને હોવાથી સદરહું ફોજદારી કેસ ગુનાની ઈન્સાફી કાર્યવાહી થવા અર્થે નામદાર સેશન્સ અદાલત, સુરત ખાતે કમીટ કરવા સબબ ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**◀ હુકમ ▶**

**1 ]** આરોપી સામેનો હાલનો ફોજદારી કેસ નં. ૩૫૨૩/૨૦૨૫ થી મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ - ૧૯૫૪ તથા પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ-૨૦૧૧ ની કલમ-૫, ૬(ક), ૮ તથા પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ ની કલમ- ૧૧(ડી) (ઈ) (એચ) મુજબનો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૩૨ મુજબ આગળની ઈન્સાફી કાર્યવાહી અર્થે નામદાર સેશન્સ કોર્ટ, સુરત ખાતે કમીટ કરવામાં આવે છે.

**2 ]** સદરહું કેસ નિયમોનુસારનું વર્ગીકરણ કરી, વ્યવસ્થિત ફાઈલ તૈયાર કરી, અસલ રેકર્ડ આ કામેના તમામ મુદ્દામાલ સાથે નામદાર કમીટ કોર્ટ તરફ મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

 Additional Civil Judge &
Judicial Magistrate First Class, Mangrol

**3 ]** આ કેસ કમીટ કર્યા બદલની જાણ વિદ્વાન જિલ્લા સરકારી વકીલશ્રીની કચેરી, સુરતને કરવી.

આ હુકમ આજ રોજ તારીખ **સોળ**[મી] માહે **માર્ચ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

**તા.૧૬/૦૩/૨૦૨૬** **( જે. જી. પટેલ )**

**માંગરોળ** અધિક જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,

**માંગરોળ**